ધર્મ અમારો એક માત્ર એ ‘સર્વધર્મ સેવા’ કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

## રાજ્યમાં વધુ ૧૧૦૮૪ નવા કેસ : ગાંધીનગરમાં ૨૭૦ : અમદાવાદમાં ૨૯૫૫

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૨૧, સોમવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં રસીકરણ જ બચાવનો ઉપાય

### વર્લ્ડ હેલ્થ ઓગ્રેનાઈઝેશનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારનો ખુલાસો : નવો વેરિયન્ટ વધુ ખતરનાક : કોરોનાના નવા વેરિએન્ટનુ નામ બી.૧.૬૧૭ સેવન છે અને તે ઓક્ટોબરમાં ભારતમાં મળ્યો હતો, હવે તે લાખો લોકોને રોજ સંક્રમિત કરી રહ્યો છે




નવી દિલ્હી, તા. ૯

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર ડો.સૌમ્યા સ્વામીનાથને ખુલાસો કર્યો છે કે, ભારતમાં અચાનક થયેલા કોરોના વિસ્ફોટ માટે કોરોનાનનો નવો વેરિએન્ટ જવાબદાર છે.જેનાથી સંક્રમણ ફેલાવાનો ખતરો અનેકગણો વધારે છે અને આ જીવલેણ પણ છે.

તેમણે એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યુ હતુ કે, ભારતમાં જે તબાહી જોવા મળી રહી છે તેનાથી સંકેત મળી રહ્યો છે કે, નવો વેરિએન્ટ બહુ ઝડપથી ફેલાઈ રહ્યો છે.કોરોનાના નવા વેરિએન્ટનુ નામ બી.૧.૬૧૭ સેવન છે અને તે ઓક્ટોબરમાં ભારતમાં મળ્યો હતો.હવે તે લાખો લોકોને રોજ સંક્રમિત કરી રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે, આ જ વેરિએન્ટ લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. મને આશા છે કે, તેના પર જલ્દી કોઈ રિસર્ચ થશે. આ વેરિએન્ટ શરીરમાં એન્ટીબોડી બનતા પણ રોકે છે અને બહુ જલ્દી પોતાનુ સ્વરુપ બદલે છે. સૌમ્યાએ કહ્યુ હતુ કે, માત્ર નવુ વેરિએન્ટ જ ભારતમાં તબાહી માટે જવાબદાર નથી.બલ્કે લોકોની લાપરવાહી, માસ્ક નહી પહેરવુ અને પીએમ તથા બીજા રાજકીય નેતાઓ દ્વારા યોજાયેલી રેલીઓ પણ તેના માટે જવાબદાર છે.

# સતત ૪થા દિવસે ૪ લાખથી વધુ કેસ

નવી દિલ્હી,તા.૯

ભારતમાં સતત ચોથા દિવસે કોરોના વાયરસના કેસનો આંકડો ૪ લાખને પાર નોંધાયો છે, આ સાથે જ દેશમાં કોરોના વાયરસના ૨૪ કલાકમાં નોંધાતા મૃત્યુઆંક ૪૦૦૦ને પાર થઈ ગયા છે. ભારતમાં ચાલી રહેલી બીજી લહેર દરમિયાન કોરોનાના સતત વધતા કેસની સાથે મૃત્યુઆંકમાં પણ મોટો ઉછાળો નોંધાઈ રહ્યો છે, જે ચિંતાનું કારણ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રવિવારે જાહેરા કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૪,૦૩,૭૩૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં કુલ કોરોના કેસનો આંકડો વધીને ૨,૨૨,૯૬,૪૧૪ થઈ ગયો છે. કોરોનાના કેસની સંખ્યામાં વધારો થવાની સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે, દેશમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૩,૮૬,૪૪૪ દર્દીઓ સાજા થયા છે, જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૧,૮૩,૧૭,૪૦૪ થઈ ગઈ છે. આ સાથે ભારતમાં ૪૦૦૦ કરતા વધુ દર્દીઓના મોત પાછલા ૨૪ કલાકમાં થયા છે.



## હવે તો જાગો, સલાહ માનો, લૉકડાઉનથી જ સંક્રમણની ચેઈન તૂટશે : આઈએમએ

ન્યુ દિલ્હી,તા.૯

ઈન્ડિયન મેડિકલ એસોસિએશને શનિવારે કહ્યું કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે 'જાગી' જવું જોઈએ અને કોવિડ ૧૯ મહામારીથી પેદા થયેલા પડકારોને પહોંચી વળવા માટે પગલાં લેવા જોઈએ.

ડોક્ટરોના સંગઠન આઈએમએ એ પોતાના એક નિવેદનમાં એવો પણ આરોપ લગાવ્યો કે સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેરને પહોંચી વળવા માટે યોગ્ય પગલાં ભર્યા નથી.

નિવેદનમાં કહેવાયું છે કે 'આઈએમએ માગણી કરે છે કે સ્વાસ્થ્ય મંત્રાલયે ઊંઘમાંથી જાગવું જોઈએ અને કોવિડ-૧૯ મહામારીના કારણે વધી રહેલા પડકારોને પહોંચી વળવા માટે પગલાં ભરવા જોઈએ.' નિવેદન મુજબ 'કોવિડ-૧૯ મહામારીની બીજી ભયાનક લહેરના કારણે પેદા થયેલા સંકટમાં સ્વાસ્થ્ય મંત્રાલયની ઢીલાશ અને અયોગ્ય નિર્ણયોને લઈને આઈએમએ એકદમ સ્તબ્ધ છે.'

તેમાં કહેવાયું છે કે આઈએમએ છેલ્લા ૨૦ દિવસથી સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સારું બનાવવા અને સાધન સામગ્રી તથા કર્મીઓને ફરીથી તૈયાર કરવા માટે પૂર્ણ અને સુનિયોજિત રાષ્ટ્રીય લોકડાઉન પર ભાર મૂકી રહ્યું છે. તેમણે કહ્યું છે કે અલગ અલગ લોકડાઉનથી કઈ વળશે નહીં. અલગ અલગ રાજ્યો પોત પોતાને સ્તરે લોકડાઉન લગાવી રહ્યા છે. તેનાથી કોઈ ફાયદો થવાનો નથી. આઈએમએ એ એમ પણ કહ્યું છે કે કેન્દ્ર સરકારે તેમની વાત માનીને પૂર્ણ લોકડાઉન લગાવ્યું હોત તો આજે દૈનિક ૪ લાખ કેસ જોવા ન મળ્યા હોત. આજે દરરોજ મધ્યમ સંક્રમિતથી ગંભીર સંક્રમિત થનારા કેસની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે. રાતે કર્ફ્યૂ લગાવવાથી કોઈ ફાયદો થયો નથી.

ડોક્ટરોના સંગઠન આઈએમએ એ એવો પણ આરોપ લગાવ્યો છે કે કોરોના મહામારી સામે મુકાબલો કરવા માટે જે પણ નિર્ણયો લેવાઈ રહ્યા છે તેને વાસ્તવિક હાલાત સાથે કોઈ લેવાદેવા નથી. ઉપર બેઠેલા લોકો ગ્રાઉન્ડ હકીકતને સમજવા માટે તૈયાર નથી. આઈએમએના જણાવ્યાં મુજબ તેમના સભ્યો અને વિશેષજ્ઞોની સલાહને સરકારે બાજુમાં મૂકી દીધી. આઈએમએ એ એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોરોનાને રોકવા માટે ઈનોવેટિવ ઉપાયો અજમાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ૧ મેથી ૧૮ વર્ષની ઉપરના તમામ લોકોને રસી આપવામાં આવશે. પરંતુ દુઃખની વાત એ છે કે સ્વાસ્થ્ય મંત્રાલય આ સમગ્ર મુહિમનો યોગ્ય રોડમેપ બનાવી શક્યું નહીં. રસીના સ્ટોકની તૈયારી કરી શક્યું નહીં. તેના કારણે અનેક જગ્યાએ રસીકરણ ડ્રાઈવ શરૂ થઈ શકી નહીં.

## કયા રાજ્યમાં ક્યાં સુધી લોકડાઉન

| | |
|---|---|
| ● રાજસ્થાન | ૧૦ થી ૨૪ મે સુધી કડક લોકડાઉન. |
| ● ઉત્તરપ્રદેશ | ૧૦ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું. |
| ● દિલ્હી | ૧૯ એપ્રિલથી લોકડાઉન લાગુ, ૧૦ મે સુધી લંબાવવામાં આવ્યું. |
| ● મહારાષ્ટ્ર | લોકોની અવર-જવર પર પ્રતિબંધ સહિતના કડક પ્રતિબંધો લાગ્યા છે જે ૧૫ મે સુધી લંબાવવામાં આવ્યા. |
| ● છત્તીસગઢ | ૧૫ મે સુધી લોકડાઉન. |
| ● બિહાર | પાંચ મે થી ૧૫ મે સુધી સંપુર્ણ લોકડાઉન. |
| ● ઓડિશા | ૧૯ મે સુધી કડક લોકડાઉન લાગુ. |
| ● પંજાબ | ૧૫ મે સુધી મિનિ લોકડાઉન જેવી સ્થિતિ. |
| ● કર્ણાટક | ૧૦ થી ૨૪ મે સુધી સંપુર્ણ લોકડાઉન. |
| ● પુડુચેરી | ૧૦ મે સુધી લોકડાઉન. |
| ● મધ્યપ્રદેશ | કોરોના કરફ્યુ લાગુ જેમાં માત્ર આવશ્યક સેવાઓને જ છૂટ. |
| ● તમિલનાડુ | ૧૦ મે થી બો સપ્તાહ માટે સંપુર્ણ લોકડાઉન. |
| ● નાગાલેન્ડ | ૧૪ મે સુધી કડક પ્રતિબંધો સાથે લોકડાઉન. |

## દેશના ૧૮૦ જિલ્લામાં છેલ્લા સાત દિવસથી એકય કેસ નહીં

નવી દિલ્હી,તા.૯

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને શનિવારે જણાવ્યું છે કે દેશના ૧૮૦ જિલ્લામાં છેલ્લા સાત દિવસ દરમિયાન કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી. કોવિડ-૧૯ રોગચાળાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે યોજાયેલી બેઠકને સંબોધિત કરતા હર્ષવર્ધને જણાવ્યું હતું કે, કોરોનાના દર્દીઓમાંથી ૧.૩૪ ટકા આઈસીયુમાં ભરતી છે. જેમાંથી ૦.૩૯ ટકા વેન્ટિલેટર પર છે જ્યારે ૩.૭૦ ટકા દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર છે. વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી બેઠકમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું હતું કે, ૧૮૦ જિલ્લામાં છેલ્લા સાત દિવસ દરમિયાન કોરોનાના ચેપનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી. તેમણે કહ્યું હતું કે, દેશભરમાં કોવિડ-૧૯ના ૪,૮૮,૮૬૧ દર્દીઓ આઈસીયુમાં દાખલ છે જ્યારે ૧,૭૦,૮૪૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે અને ૯,૦૨,૨૯૧ દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર છે. વિદેશ મંત્રી એસ. જયશંકર, એવિયેશન મિનિસ્ટર હરદીપ સિંહ પૂર, મંત્રી મનસુખ માંડવિયા તથા કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે બેઠકમાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી અશ્વિની કુમાર ચૌબે તથા નીતિ આયોગના સભ્ય વીકે પૌલે પણ વિડીયો કોન્ફરન્સથી બેઠકમાં હાજરી આપી હતી.

## આસામના મુખ્યપ્રધાન તરીકે હિંમત બિસ્વા

ગુવાહાટી, તા. ૯

લાંબી મથામણો બાદ આખરે આસામની મુખ્યમંત્રીની ખુરશી પર કોણ બીરાજશે તે નક્કી થઈ ગયું છે. ગુવાહાટીમાં ભાજપના ધારાસભ્યોની બેઠકમાં હિમંત બિસ્વા સરમા નામ પર મોહર મારવામાં આવી છે. હવે તેઓ આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ પહેલા સીએમ સર્બાનંદ સોનોવાલે રાજ્યપાલ જગદીશ મુખીને પોતાનું રાજીનામું સોંપી દીધું. હિમંત બિસ્વા કાલે મુખ્યમંત્રી પદના શપથ લેશે.

ગુવાહાટી લાયબ્રેરી ઓડિટોરિયમમાં ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર સિવાય અરુણ સિંહ, બીએલ સંતોષ અને બીજે પાંડા પણ ઉપસ્થિત રહ્યા. ધારાસભ્ય દળની બેઠકમાં હિમંત બિસ્વા રસમાને નેતા પસંદ કરવામાં આવ્યા.

તેમના નામની પહેલાથી જ ચર્ચા થઈ રહી હતી. ક્યાસ લગાવવામાં આવી રહ્યો છે કે પૂર્વ મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલને કેન્દ્રમાં મોકલવામાં આવી શકે છે. ૨૦૧૬માં આસામના સીએમ બનતા પહેલા સોનોવાલ મોદી સરકારમાં સ્પોર્ટ્સ મંત્રાલયમાં હતા.


REQUIRED
Equity Dealer for NSE - F & O
Pay Rs.12500 to 17000
+ INCENTIVE
Call - 99747 03401




દુઃખદ અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી
ભુલાભાઈ ચુનીલાલ કડિયા
(વતન-ટીંટોઈ, તા.મોડાસા, જિ.અરવલ્લી)
હાલ-ગાંધીનગર તા.૩/૫/૨૦૨૧ના રોજ દેવલોક પામેલ છે. પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા.૧૦/૫/૨૦૨૧ના રોજ સવારે ૯ થી ૧૧ કલાક સુધી રાખેલ છે.
આપનો ટેલિફોનિક શોક સંદેશ અમને રૂબરૂ મલ્યા તુલ્ય છે.
તમામ લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.
ગં.સ્વ. હંસાબેન ભુલાભાઈ કડિયા (પત્ની) ૭૮૭૪૯ ૭૧૯૯૨
મનિષકુમાર ભુલાભાઈ કડિયા (પુત્ર) ૯૪૦૯૧ ૧૨૨૬૦
સપના હિતેષકુમાર મિસ્ત્રી (પુત્રી) ૯૪૨૭૬ ૬૬૩૩૬
વિશાલ ભુલાભાઈ કડિયા (પુત્ર) ૯૮૨૫૨ ૯૮૯૫૧
હિતેશકુમાર ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી (જમાઈ) ૯૯૭૮૫ ૪૦૩૪૦





FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available



શ્રદ્ધાંજલિ



સ્વ. બકુલ જોષી
મહાપ્રયાણ ૧૦-૪-૨૦૨૧

ૐ અસતો મા સદ્‌ગમય
તમસો મા જ્યોતિર્ગમય
મૃત્યોર્મા અમૃતં ગમય
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સ્વર્ગસ્થની પ્રત્યેક ઈન્દ્રીય જીવવાના ભાર વગર શાંત પડી ગઈ છે...
માટે એ પવિત્ર બની અને અનંત યાત્રાએ પ્રસ્થાન કરી ગઈ છે...
ગમતી વ્યક્તિ ધૂમાડો બનીને ઉડી જાય ત્યારે એને હસતા હસતા
અપાતી વિદાય આપણા ખાલીપણા સભર કરે છે....

હે પ્રભુ,
આ જીવ આત્માથી પરમાત્મા તરફ ગતિ કરી રહ્યો છે...
એને ચિરશાંતિનો અનુભવ થાય અને એનો જીવન પ્રવાસ
યાત્રામાં પરિણમે એજ પરમકૃપાળુ પરમાત્મા આપને હૃદયપૂર્વકની પ્રાર્થના....

નિરવ - નિશા
વિશ્વ-ખનક
રાજન - ભવ્યા
રાજવી-રાજસી-વિરાજ
કુણાલ - પૂર્વી
શર્વી-ધારક
રાજુલ - રૂપલ
ડાર્વિન
મુંજાલ - તન્વી
નંદીશ
કેયૂર - હેતલ
રાહી
હેતલ - હર્ષા
મન